# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૧/૧૧/૨૦૨૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ગો ફર્સ્ટની સુરતથી દિલ્હી, કોલકાતા તથા બેંગ્લોરની આજથી શરૂ થયેલી ફલાઇટ સેવાનું ચેમ્બરના ઉપપ્રમુખ, સુરત એરપોર્ટ ડિરેકટર અને ગો ફર્સ્ટના અધિકારીઓના હસ્તે ઉદ્‌ઘાટન

## ચેમ્બર દ્વારા વર્ષ ૨૦૧૫થી ગો ફર્સ્ટને સુરત લાવવા પ્રયાસો થયા હતા, મુંબઇ ખાતે ગો ફર્સ્ટના અધિકારીઓ સાથે મુલાકાત કરી ચેમ્બરમાં પણ ઘણી મિટીંગો યોજાઇ હતી

**સુરત.** ડોમેસ્ટીક એરલાઇન્સ કંપની ગો ફર્સ્ટ દ્વારા આજથી સુરતથી દિલ્હી, કોલકાતા અને બેંગ્લોરની ફલાઇટ શરૂ કરવામાં આવી છે. જેના ઉદ્‌ઘાટન સમારોહમાં સુરત એરપોર્ટ ખાતે આજે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા અને ચેમ્બરની એવીએશન્સ/એરપોર્ટ કમિટીના ચેરમેન અતુલ ગુપ્તાએ હાજરી આપી હતી. ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા, સુરત એરપોર્ટ ડિરેકટર અમન સૈની અને ગો ફર્સ્ટના અધિકારીના હસ્તે ગો ફર્સ્ટની આજથી શરૂ થયેલી સુરતથી દિલ્હી, કોલકાતા અને બેંગ્લોરની ફલાઇટ સેવાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન સમારોહમાં ગો ફર્સ્ટના મનોજ કુમાર શર્મા (રિજીયોનલ એરપોર્ટ મેનેજર – સાઉથ / વેસ્ટ ઇન્ડિયા એરપોર્ટ), અનિરભ ઘોષ (રિજીયોનલ જનરલ મેનેજર – વેસ્ટ), મનોજ શર્મા (ગુજરાત સેલ્સ મેનેજર) અને વિનોદ રૈના (સ્ટેશન મેનેજર – સુરત) ઉપસ્થિત રહયા હતા.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૧૫થી ગો ફર્સ્ટ (ગો એર)ને સુરત લાવવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. લોકડાઉનના બે વર્ષ પહેલા પણ ચેમ્બરના જે તે સમયના પદાધિકારીઓએ મુંબઇ ખાતે ગો ફર્સ્ટના અધિકારીઓ સાથે મિટીંગ કરી હતી અને તેઓની ડોમેસ્ટીક એરલાઇન્સને સુરત લાવવા માટે રજૂઆત કરી હતી. ગો ફર્સ્ટના અધિકારીઓ સાથે ચેમ્બરમાં પણ ઘણી વખત મિટીંગો યોજાઇ હતી. જેમાં પણ ચેમ્બર દ્વારા સુરત એરપોર્ટથી મળતા ટ્રાફિક અંગે તેઓને વાકેફ કરવામાં આવ્યા હતા. ચેમ્બરના અથાગ પ્રયાસોને અંતે આજથી સુરતના નાગરિકોને ડોમેસ્ટીક એરલાઇન્સ કંપની ગો ફર્સ્ટની ફલાઇટનો લાભ મળ્યો છે.

ગો ફર્સ્ટની દિલ્હીથી મોર્નિંગ ફલાઇટ સવારે ૦૭:૪૦ કલાકે ઉપડશે અને સુરત ખાતે સવારે ૦૯:૩૦ કલાકે આવશે. ત્યારબાદ સુરતથી સવારે ૧૦:૦૦ કલાકે ટેકઓફ થઇ દિલ્હી ખાતે સવારે ૧૧:૪૫ કલાકે પહોંચશે. કોલકાતાની ફલાઇટ સવારે ૧૦:૩૦ કલાકે ઉપડશે અને સુરત ખાતે બપોરે ૦૧:૪૦ કલાકે આવશે અને ત્યારબાદ સુરતથી બપોરે ૦૨:૧૦ કલાકે ટેકઓફ થઇ સાંજે ૦૪:૪૫ કલાકે કોલકાતા પહોંચશે. બેંગ્લોરની ફલાઇટ બપોરે ૦૩:૩૦ કલાકે ઉપડશે અને સુરત ખાતે સાંજે ૦૫:૪૦ કલાકે આવશે અને ત્યારબાદ સુરતથી સાંજે ૦૬:૧૦ કલાકે ટેકઓફ થઇ સાંજે ૦૭:૫૫ કલાકે બેંગ્લોર પહોંચશે. આ ઉપરાંત દિલ્હીની ઇવનીંગ ફલાઇટ સાંજે ૦૬:૪૦ કલાકે ઉપડશે અને સુરત ખાતે રાત્રે ૦૮:૩૦ કલાકે આવશે. ત્યારબાદ સુરતથી રાત્રે ૦૯:૦૦ કલાકે ટેકઓફ થઇ રાત્રે ૧૧:૦૦ કલાકે દિલ્હી પહોંચશે.